GJPM020029922025

Presented on : 3-5-2025
Registered on : 3-5-2025
Decided on : 17-3-2026
Duration : 9 Month,14 Days

# FORM–A

********************************************************

**ગોધરાનાં મહે.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ શ્રી કે.પી.ઠાકોર સાહેબની કોર્ટમા, મુકામ: ગોધરા.**

********************************************************

**ચુકાદાની તા. ૧૭/૩/૨૦૨૬**

**ક્રીમીનલ કેસ નંબર : ૧૭૪૫/૨૦૨૫**

**આંક–**

**( F.I.R.ની વિગત/ગુનો અને પોલીસ સ્ટેશન)**

કાંકણપુર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૦૭૦૭૮૨૩૦૪૯૦/૨૦૨૩

**ગુન્હો :–** ઈ.પી.કો.કલમ. ૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબ.

| | |
|---|---|
| **ફરીયાદી :–** | **શ્રી સ ર કા ર.** |
| **સરકાર તર્ફે :–** | વિ.એ.પી.પી.શ્રી સી.એસ.પલાસ. |

**વિરૂધ્ધ**

| **આરોપી :–** | **ઉ.વ.** | **રહેવાસી.** |
|---|---|---|
| (૧) લક્ષ્મણભાઇ મંગળભાઇ માછી | પુખ્ત. | જુની ધરી આંટા ફળીયુ. તા.ગોધરા. |
| (૨) જીગ્નેશભાઇ લક્ષ્મણભાઇ મંગળભાઇ માછી | પુખ્ત. | –''– |
| (૩) શારદાબેન તે લક્ષ્મણભાઇ મંગળભાઇ માછી | પુખ્ત. | –''– |
| (૪) અરુણકુમાર લક્ષ્મણભાઇ માછી | પુખ્ત. | –''– |

| | |
|---|---|
| **આરોપી તર્ફે :-** | વિ.વ.શ્રી એસ.આઇ.માછી. |

# FORM-B

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ. | ૨૪-૧૨-૨૦૨૩ |
| એફ.આઇ.આર.ની તારીખ. | ૨૬-૧૨-૨૦૨૩ |
| ચાર્જશીટની તારીખ. | ૩-૫-૨૦૨૫ |
| તહોમતનામુ ફરમાવ્યાની તારીખ. | ૨૦-૯-૨૦૨૫ |
| પુરાવાની શરુઆતની તારીખ. | ૨૦-૯-૨૦૨૫ |
| ચુકાદો બાકી રાખ્યાની તારીખ. | - |
| ચુકાદો જાહેર કર્યાની તારીખ. | ૧૭-૩-૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો. | - |

## આરોપીની માહીતી.

| આરોપીનુ નામ. | ધરપકડની તારીખ. | જામીન ઉપર છુટવાની તારીખ. | નોંધાયેલો ગુનો. | નિર્દોષ કે દોષિત. | સજા કરવામા આવી. | ક્રી.પ્રો.કોડ. કલમ.૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતનો સમયગાળો. |
|---|---|---|---|---|---|---|
| (૧) લક્ષ્મણભાઇ મંગળભાઇ માછી | ૨૭-૧૨-૨૩ | ૨૭-૧૨-૨૩ | ઇ.પી.કો.કલમ. ૩૨૩,૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ | નિર્દોષ | - | - |
| (૨) જીગ્નેશભાઇ લક્ષ્મણભાઇ મંગળભાઇ માછી | ૨૭-૧૨-૨૩ | ૨૭-૧૨-૨૩ | ઇ.પી.કો.કલમ. ૩૨૩,૫૦૪, ૫૦૬(૨),૧૧૪ | નિર્દોષ | - | - |
| (૩) શારદાબેન તે લક્ષ્મણભાઇ મંગળભાઇ માછી | ૨૭-૧૨-૨૩ | ૨૭-૧૨-૨૩ | ઇ.પી.કો.કલમ. ૩૨૩,૫૦૪, ૫૦૬(૨),૧૧૪ | નિર્દોષ | - | - |
| (૪) અરુણકુમાર લક્ષ્મણભાઇ માછી | ૨૮-૧૨-૨૩ | ૨૮-૧૨-૨૩ | ઇ.પી.કો.કલમ. ૩૨૩,૫૦૪, ૫૦૬(૨),૧૧૪ | નિર્દોષ | - | - |

## :: ચુકાદો ::

**ફરીયાદની ટુંક હકીકત.**

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપીઓએ તા.૨૪-૧૨-૨૦૨૩ ના રોજ કલાક.૧૦-૦૦ વાગે મોજે જુનીધરી ગામે આવેલ બળીયા દેવવ વાળા ખેતરમા ફરીયાદી તથા તેમના માતા પિતા તથા બેન ખેતરમા કામ કરતા હતા તે વખતે આરોપી નં.૧ નાઓ

જેમા ફાવે તેમ ગાળો બોલતા જઇને ખેતરમા આવેલ અને ફરીયાદીને કહેવા લાગેલા કે '' તમે અમારા ખેતરની પાળી કેમ તોડી છે તેમ કહેતા ફરીયાદીએ કહેલ કે, તમારા ખેતરની પાળી અને અમારા ખેતરની એકજ છે અને ટ્રેકટરથી ખેડતી વખતે ટ્રેકટરની દાંતી અડી જતા પાળી તુટી ગયેલ છે તો અમે સરખી કરાવી દઇશુ.'' તેમ કહેતા આરોપી નં.૧ થી ૪ નાઓએ ભેગા મળી એકસંપ કરી ફરીયાદી તથા તેમના માતા પિતા અને બેનને જેમફાવે તેમ ગાળો બોલી ઝઘડો તકરાર કરી નીચે પાડી દઈ ઢસડી ઢસડીને શરીરે ગડદાપાટુનો મુઢ માર મારી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી, ગુનો આચરવામાં એકબીજાની મદદગારી કરી, આરોપીઓએ ઇ.પી.કો.કલમ.૩૨૩,૫૦૪, ૫૦૬(૨),૧૧૪ મુજબનો સજાનેપાત્ર ગુનો કરેલ હોય, ફરીયાદીની ફરીયાદના આધારે ગુનાની તપાસના અંતે આરોપીઓ સામે પુરતો પુરાવો મળી આવતા પોલીસે ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) સદર કામે આરોપીઓ અત્રેની કોર્ટથી સમન્સની બજવણી બાદ હાજર થતાં આરોપીઓ પોલીસ પેપર્સની નકલો આપી તે મળી ગયાની ખાત્રી કર્યા બાદ આરોપીઓ સામે આંક-૩ થી ગુના અંગે તહોમતનામુ ફરમાવી તે તેમને વાંચી સંભળાવી સમજાવીને આરોપીઓની અનુક્રમે આંક-૪ થી ૭ સુધી પ્લી નોંધતા તેમા આરોપીઓએ ગુન્હો કબુલ નથી, કેસ આગળ ચલાવવો છે તેમ જણાવતા સદર કામ આગળની ઈન્સાફી કાર્યવાહી સારુ રાખવામાં આવેલ છે.

(૩) સદર કામે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

## FORM-C

### ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનુ લીસ્ટ.

### (એ) ફરીયાદપક્ષના સાહેદો.

| અનું. નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧. | ૯ | નંદાબેન સુરેશભાઇ માછી | ફરીયાદી. |
| ૨. | ૧૧ | નાનાભાઇ જીવાભાઇ માછી | સાહેદ |
| ૩. | ૧૨ | કપીલાબેન નાનાભાઇ માછી | સાહેદ |
| ૪. | ૧૩ | ઇન્દીરાબેન રંગીતભાઇ માછી | સાહેદ |

## (બી) બચાવ પક્ષના સાહેદો.

| અનું. નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧. | – | –નીલ– | – |

## (સી) કોર્ટથી તપાસેલ સાહેદો.

| અનું. નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧. | – | –નીલ– | – |

## ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટનાં અંકે પડેલ દસ્તાવેજો.

## (એ) ફરીયાદ પક્ષના દસ્તાવેજો.

| અનું. નં. | આંક | વર્ણન. |
|---|---|---|
| ૧. | ૧૦ | ફરીયાદ. |
| ૨. | ૧૪ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ. |
| ૩. | ૧૫ | નંદાબેનનુ સારવાર સર્ટીફીકેટ. |
| ૪. | ૧૬ | કપીલાબેનનુ સારવાર સર્ટીફીકેટ. |
| ૫. | ૧૭ | ઈન્દીરાબેનનુ સારવાર સર્ટીફીકેટ. |
| ૬. | ૧૮ | નાનજીભાઈનુ સારવાર સર્ટીફીકેટ. |

## (બી ) બચાવ પક્ષના દસ્તાવેજો.

| અનું. નં. | આંક | વર્ણન. |
|---|---|---|
| ૧. | – | –નીલ– |

## (સી) કોર્ટનાં દસ્તાવેજો.

| અનું. નં. | આંક | વર્ણન. |
|---|---|---|
| ૧. | – | –નીલ– |

## મુદામાલ

| અનું. નં. | આંક | વર્ણન. |
|---|---|---|
| ૧. | – | –નીલ– |

(૪)		સદર કામે ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ ફરીયાદપક્ષે આંક–૧૯ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી પોતાનો પુરાવો પુરો થયાનુ જાહેર કરેલ છે.

(૫)		સદર કામે ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ બી.એન.એસ.એસ.ની કલમ.૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવા અંગે પુરાવો ધ્યાને લેતા આરોપીપક્ષને ખુલાસો પુછવા યોગ્ય પુરાવો જણાતો નથી. જેથી વિશેષ નિવેદન લેવામા આવેલ નથી.

**<u>પક્ષકારોની દલીલ :–</u>**

(૬)		ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ દલીલ કરી જણાવેલ છે કે આ કામે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો વંચાણે લેતાં ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરી શકેલ હોય, આરોપીઓને તકસીરવાન ઠરાવી કાયદા મુજબ મહત્તમ સજા કરવા અરજ કરેલ છે.

જયારે બચાવપક્ષે વિ.વ.શ્રીએ એવી દલીલ કરી જણાવેલ છે કે, આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો વંચાણે લેતાં આરોપીઓ વિરૂધ્ધ ફરમાવેલ તહોમત મુજબનો ગુનો પુરવાર થતો ન હોય, જેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

**<u>મુદ્દાનુ ઘડતર :–</u>**

(૭)		ઉપર મુજબની રૂપરેખા ધરાવતાં આ કેસનાં આખરી નિકાલ સારુ નીચે મુજબના મુદા ઉપિસ્થત થાય છે.

**<u>:: મુદા ::</u>**

| | |
|---|---|
| (૧) | શુ ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરાવાથી પુરવાર કરે છે કે, તા.૨૪–૧૨–૨૦૨૩ ના રોજ કલાક.૧૦–૦૦ વાગે મોજે જુનીધરી ગામે આવેલ બળીયા દેવ વાળા ખેતરમા ફરીયાદી તથા તેમના માતા પિતા તથા બેન ખેતરમા કામ કરતા હતા તે વખતે આરોપી નં.૧ નાઓ જેમા ફાવે તેમ ગાળો બોલતા જઇને ખેતરમા આવેલ અને ફરીયાદીને કહેવા લાગેલા કે '' તમે અમારા ખેતરની પાળી કેમ તોડી છે તેમ કહેતા ફરીયાદીએ કહેલ કે, તમારા ખેતરની પાળી અને અમારા ખેતરની એકજ છે અને ટ્રેકટરથી ખેડતી વખતે ટ્રેકટરની દાંતી અડી જતા પાળી તુટી ગયેલ છે તો અમે સરખી કરાવી દઇશુ.'' તેમ કહેતા આરોપી નં.૧ થી ૪ નાઓએ ભેગા મળી એકસંપ કરી |

| | |
|---|---|
| | ફરીયાદી તથા તેમના માતા પિતા અને બેન સાથે ઝઘડો તકરાર કરી નીચે પાડી દઈ ઢસડી ઢસડીને શરીરે ગડદાપાટુનો મુઢ માર મારી, ફરીયાદી તથા સાહેદોને સ્વૈચ્છાપુર્વક વ્યથા પહોંચાડીને આરોપીઓએ ઇ.પી.કો.કલમ. ૩૨૩,૧૧૪ મુજબનો સજાનેપાત્ર ગુનો કરેલ છે ? |
| (૨) | શુ ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરાવાથી પુરવાર કરે છે કે,આરોપીઓએ તા.૨૪-૧૨-૨૦૨૩ ના રોજ કલાક.૧૦-૦૦ વાગે મોજે જુનીધરી ગામે આવેલ બળીયા દેવ વાળા ખેતરમા તકરાર કરી ફરીયાદી તથા સાહેદને બીભત્સ ગાળો બોલી, જાનથી મારી નાંખવાની ધમકી આપી, ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી, આરોપીઓએ ઇ.પી.કો.કલમ.૫૦૪, ૫૦૬(૨),૧૧૪ મુજબનો સજાનેપાત્ર ગુનો કરેલ છે ? |
| (૩) | શુ હુકમ ? |

(૮) ઉપરોકત મુદ્દાઓના મારા જવાબો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) નકારમાં.

(૩) આખરી હુકમ મુજબ.

(૯) ઉપરોકત નિર્ણયોના મારા કારણો,અવલોકનો અને તારણો નીચે મુજબ છે.

**:: કા ર ણો ::**

**મુદ્દા નં.૧ થી ૩ :-**

સદર કામે ફરીયાદપક્ષ તરફે ફરીયાદીની ફરીયાદના અનુસંધાનમાં આરોપી વિરુધ્ધ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા ધ્વારાં રેકર્ડ પર રજુ કરી તે મુજબનો ગુન્હો શંકા રહીત ભારતિય પુરાવા અધિનિયમની કલમ.૧૦૧ થી ૧૦૪ ને ધ્યાને લેતાં ફરીયાદીએ પુરવાર કરવો જોઇએ.

(૧૦) ફરીયાદપક્ષે ફરીયાદપક્ષે એવો કેસ છે કે,ફરીયાદી નંદાબેન નાઓ તથા તેમના પીતા નાનાભાઇ જીવાભાઇ તથા તેમની માતા કપીલાબેન નાનાભાઇ તથા તેમની બેન ઇન્દીરાબેન નાઓ ખેતરમા કામ કરવા ગયેલા આ વખતે ખેતરની પાળી તુટી ગયેલી જેમા આરોપી લક્ષ્મણભાઇ,

જીગ્નેશભાઇ, અરુણભાઇ તથા શારદાબેન નાઓએ ફરીયાદી તથા તેમના માતા પીતા અને બહેનને ગડદાપાટુનો માર મારેલો અને જાનથી મારી નાંખવાની ધમકી આપેલી.

**(૧૦.૧)** ફરીયાદપક્ષના કેસને ધ્યાને લેતાં મહત્વના સાહેદો ઈજા પામનાર સાહેદો છે એટલે કે, ફરીયાદી અને તેના માતા પીતા અને તેની બહેન છે. જેમા ફરીયાદીનો પુરાવો આંક–૯ થી રજુ છે જેમા સરતપાસમા જણાવે છે કે, '' ખેતરમા કામ કરવા માટે ગયેલા તે વખતે અમારી ઘરની બાજુમા રહેતા મારા કાકાના છોકરા લક્ષ્મણભાઈ આવેલા અને અમારી સાથે બોલાચાલી કરવા લાગેલા તે વખતે જીગ્નેશભાઇ તથા અરુણભાઈ અને શારદાબેન પણ આવી ગયેલા અને તેઓ પણ બોલાચાલી કરવા લાગેલા અને ઘણાબધા માણસો ભેગા થઇ ગયેલા, ધકકા મુકકીમા પડી જતા મારી માતાં કપીલાબેન તથા ઇન્દીરાબેન અને પીતા નાનજીભાઇને નાની મોટી ઈજાઓ થયેલી. જેની સારવાર કરાવેલી,અને જેની ફરીયાદ મે આપેલી. '' આમ, આ સરતપાસમા ફરીયાદીને ઈજા કરવામા આવેલી હોય તેમજ તેના માતા પિતા અને બહેનને આરોપીઓએ ઈજા કરેલી હોય તેવો કોઇ પુરાવો આપેલો નથી. આ ફરીયાદી નંદાબેન ફરીયાદપક્ષને સમર્થન કરતા ન હોય પરવાનગીથી વિમુખ જાહેર કરી ઉલટ તપાસ કરવામા આવેલી છે છતાં પણ ફરીયાદપક્ષને સમર્થન કરેલ નથી. વધુમા આરોપીપક્ષે થયેલી ઉલટ તપાસમાં સ્વિકારેલ છે કે, '' એ વાત ખરી છે કે, બોલાચાલી થતા ત્યાં ઉભેલા લોકો દોડવા લાગેલા જેમા હુ પડી ગયેલી અને મને બરડામા પાછળ માર વાગેલો. આ બનાવમા મે કોઈ પાસે હથીયાર જોયેલ નથી, કોણ શુ બોલતુ હતુ તેની મને ખબર નથી.'' આમ, આ ફરીયાદીનો પુરાવો ફરીયાદપક્ષને કોઈપણ રીતે મદદરુપ નથી. માત્ર ફરીયાદના આધારે ફરીયાદપક્ષનો કેસ પુરવાર થઇ શકે નહી અને ફરીયાદીએ આંક–૧૦ ની ફરીયાદને કોઇ સમર્થન કરેલ નથી.

**(૧૦.૨)** વધુમાં ઈજા પામનાર સાહેદોમા આંક–૧૧ થી નાનાભાઇ જીવાભાઈ માછી તેમજ આંક–૧૨ થી કપીલાબેન નાનાભાઈ માછી તેમજ આંક–૧૩ થી ઇન્દીરાબેન રંગીતભાઇ માછી નાઓને ફરીયાદપક્ષે તપાસેલા છે. જેઓએ સરતપાસમા પુરાવો આપેલ છે કે, ઘણા બધા લોકો ભેગા થઇ ગયેલા. ધકકા મુકકીમા પડી જતા ઈજાઓ થયેલી. આમ, આ ઈજા પામનાર

દરેક સાહેદે સરતપાસમા ધકકા મુકકીમા પડી જતા ઈજાઓ થયેલાનો પુરાવો આપેલ છે. આમ, ફરીયાદપક્ષના મહત્વના સાહેદો ઈજા પામનાર ફરીયાદપક્ષને સમર્થન કરતા ન હોય સરકાર તરફે પરવાનગીથી આ સાહેદોને વિમુખ જાહેર કરી ઉલટ તપાસ કરવામા આવેલી છે પરંતુ તેમા પણ કોઇ સમર્થન કરેલુ નથી. ઉલ્ટાનુ આ તમામ સાહેદોએ ઉલટ તપાસમા સ્વિકારેલ છે કે, બનાવ વખતે સામાન્ય બોલાચાલી થયેલી તેમજ ઘણા બધા લોકો ભેગા થઇ ગયેલા અને તેમા દોડાદોડી થયેલી તેમજ આ સાહેદોએ સ્વિકાર કરેલ છે કે, બોલાચાલી થતા ત્યાં ઉભેલા લોકો દોડવા લાગેલા જેમા પડી ગયેલા અને તેમા વાગેલુ છે. વધુમાં આ સાહેદોએ સ્વિકાર કરેલ છે કે, કોઇ પાસે હથીયાર જોયેલ નથી તેમજ સ્વિકાર કરેલ છે કે, કોણ શુ બોલતુ હતુ તેની ખબર નથી. વધુમાં આંક-૧૦ વાળી ફરીયાદ આપવામા આવેલી છે તે સંદર્ભે આ સાહેદોની સ્વિકૃતિ ધ્યાને લેવામા આવે તો ઉલટ તપાસમાં સ્વિકારેલ છે કે, ગામના લોકોના કહેવા મુજબ આરોપીઓ સામે નંદાબેને ફરીયાદ આપેલી. આમ, ઈજા પામનાર સાહેદોનો પુરાવો ફરીયાાદપક્ષને કોઇપણ રીતે સમર્થન કરતો નથી તેમજ ફરીયાદ પણ ગામના લોકોના કહેવાથી આપેલી છે ત્યારે ફરીયાદપક્ષનો કેસ કોઇપણ પાયા વગરનો રહેલો હોય તેવુ સ્પષ્ટ જણાય છે.

**(૧૦.૩)** વધુમાં ફરીયાદપક્ષ ધ્વારાં આંક-૧૪ થી ગુનાવાળી જગ્યાનુ પંચનામુ રજુ છે,પરંતુ એક માત્ર પંચનામુ સમર્થન કરતુ નથી તેમજ ફરીયાાદપક્ષ ધ્વારાં આંક-૧૫ થી નંદાબેનની સારવારનુ સર્ટીફીકેટ રજુ છે તેમજ આંક-૧૬ થી કપીલાબેનનુ સારવાર સર્ટીફીકેટ રજુ છે તથા આંક-૧૭ થી ઇન્દીરાબેન રંગીતભાઇનુ સારવાર સર્ટી રજુ છે તથા આંક-૧૮ થી નાનાભાઈનુ સારવાર સર્ટીફીકેટ રજુ છે. આ રજુ સર્ટીફીકેટો ઉપરથી સ્પષ્ટ જણાય છે કે, ઈજા પામનાર નાઓને ઈજા થયેલી છે. પરંતુ આ ઈજાઓ આરોપીઓએ કરેલી હોય અને ભારતિય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ.૧૧૪(ઇ.પી.કો.કલમ.૩૧૯) મુજબ વ્યથાની વ્યાખ્યા મુજબની વ્યથા આરોપીઓએ સ્વેચછાએ કરેલી હોય તેવુ ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. જેથી આરોપીઓએ એકબીજાની મદદગારીમા સ્વૈચ્છાપુર્વક વ્યથા કરેલી હોય તેવુ પુરવાર થતુ નથી.

**<u>મુદા નં.૨ :</u>–**

**(૧૧)** વધુમાં ફરીયાદી,સાહેદોની જુબાની થકી જાહેર શાંતિ ડોહળાય તેવા ગાળોના કોઈ ચોકકસ શબ્દો રેકેર્ડ ઉપર ફરીયાદપક્ષ લાવી શકેલ નથી. જેથી ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો ઈ.પી.કો.કલમ.૫૦૪ મુજબનો આક્ષેપ ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. વધુમા ગુન્હાના આવશ્યક તત્વોના અભાવે આરોપીઓને તકસીરવાન ઠરાવવા ન્યાયોચિત જણાતુ નથી.ત્યારે આ સંદર્ભે અત્રેની અદાલત નામદાર ગુજરાત હાઈકોર્ટના **પ્રવિણભાઈ બેચરભાઈ વણકર વિરુંધધ સ્ટેટ ઓફ ગુજરાત** ના કેસનો ચુકાદો જે ૨૦૦૭(૧) જી.એલ.એચ.૩૩૭ ઉપર પ્રસિધ્ધ થયેલ તે ચુકાદાના ન્યાય નિર્ણય ઉપર આધાર રાખે છે જે ચુકાદામાં એવુ ઠરાવેલ છે કે,

" In order to convict an accused under Section 504 of Indian Penal Code, the actual word used by the accused must be brought on record by the prosecution from the mouth of the witness. The insult envisaged by Section 504 must not only be intentional but also thereby must give provocation to person insulted to breach public peace or to commit any other offence.So far as to the Section 506 is concerned, the threat as contemplated in Section 506 must cause alarm in the mind of person so threatened."

ઉપરોકત ચુકાદાને ધ્યાને લેતા પણ ફરીયાદપક્ષ દ્રારા ઈ.પી.કો.કલમ.૫૦૪ મુજબનો આક્ષેપ પુરવાર થતો નથી.

**(૧૧.૧)** વધુમાં આરોપીઓ સામે ગુન્હાહીત ધમકીનો આક્ષેપ છે. હાલના કામે ફરીયાદી,સાહેદની જુબાની લક્ષમાં લેતા આરોપીઓએ ફરીયાદી,સાહેદને જાનથી મારી નાંખવાની ધમકી આપી હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. ફરીયાદી, સાહેદે તેની જુબાનીમાં એવુ જણાવતા નથી કે આરોપીઓ દ્રારા આપેલ ધમકીના કારણે તેઓ ભયભીત થયેલ હોય અને તેમનુ રોજબરોજનુ કામકાજ કરી શકતા ન

હોય કે આરોપીઓની  ધમકીના કારણે ઘરની બહાર નીકળી શકતા ન હોય કે સતત ભય નીચે જીવતા હોય તેવી કોઇ હકીકત જણાવતા નથી. વધુમા નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા **પ્રવીણભાઇ બેચરભાઇ વણકર વિરુંધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત (ક્રીમીનલ અપીલ નં.૨૭૩/૨૦૦૬)** ના કેસમા એવુ ઠરાવેલ છે કે, " Complainant should have been alarmed by the threat administered to him-Evidence indicates clear absence of any apprehension and/or fear so as to cause alarm to the complainant- No evidence that because of threat,complainant was unable to attend to his duties of any point of time after he lodged the complaint-Words uttered by the accused did not cause any alarm to the complainant." જે ધ્યાને લેતા ફરીયાદપક્ષ આરોપીઓ દ્વારા આપવામાં આવેલ ધમકીના કારણે સતત ભય નીચે જીવતા હોય અને તેમના રોજબરોજનુ કામ કરવામાં તેમને ભય કે ડર લાગતો હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી. ઉપરોકત ચુકાદાને ધ્યાને લેતા પણ ફરીયાદપક્ષ દ્વારા ઇ.પી.કો.કલમ.૫૦૬(૨) મુજબનો આક્ષેપ પુરવાર થતો નથી.

**(૧૨)** વધુમાં ભારતમા પ્રવર્તમાન ફોજદારી ન્યાય શાસ્ત્રના સિધ્ધાંતો પ્રમાણે ફરીયાદપક્ષનો કેસ આરોપી વિરુંધ્ધ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે તથા વ્યાજબી શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે. હાથ ઉપરના કેસમા પડેલ પુરાવો જોતા ફરીયાદપક્ષનો કેસ વ્યાજબી શંકાથી પર કેસ પુરવાર થયેલ નથી. જેથી ઉપરોકત કરેલ ચર્ચાના કારણો મુજબ આ કામના આરોપીઓને તકસીરવાન ઠરાવવાનુ ન્યાયોચિત જણાતુ નથી.આ પ્રસ્થાપિત સિધ્ધાંત નામદાર સર્વોચ્ચ અદાલતે **'' કૈલાસ ગોર વિરુંધ્ધ સ્ટેટ ઓફ આસામ '' એ.આઇ.આર. ૨૦૧૨ એસ.સી.પાન નં. ૭૮૬** ના ચુકાદામાં પ્રતિપાદીત કરેલ છે તે સિધ્ધાંતો જોતા તેના પેરા–૨૮ મા ઠરાવેલ છે કે,

"It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. It is equally well settled that suspicion howsoever strong can never take the place of proof. There is indeed a long distance between accused 'may have committed the offence' and 'must have committed the offence' which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been recognised as a human right which cannot be wished away. See Narendra Singh and Anr. v. State of M.P. ( 2004 )10 SCC 699 : ( AIR 2004 SC 3249 ) and Ranjitsingh BrahmajeetsinghSharma v. State of Maharashtra and Ors.(2005) 5 SCC 294 : (AIR 2005 SC 2277). To the same effect is the decision of this Court in Ganesan v. RamaRaghuraman and Ors. (2011) 2 SCC 83 : (AIR 2011 SC (Cri) 419) where thisCourt observed: "Every accused is presumed to be innocent unless his guilt is proved.The Presumption of innocence is human right. Subject to the statutory exceptions, the said principle forms the basis of criminal jurisprudence in India."

આમ, ફરીયાદપક્ષ પોતાના પુરાવા થકી આરોપીઓ સામે આક્ષેપીત ગુનાના આવશ્યક તત્વો પુરવાર કરવામા સદંતર નિષ્ફળ ગયેલા છે ત્યારે આરોપીઓ સામે આક્ષેપાયેલ ગુના મુજબની હકીકતો પુરવાર થતી ના હોય, મુદ્દા નં.(૧) થી (૨) નો નિર્ણય તે રીતે નકારમાં આપવામા આવે છે અને મુદ્દા નં.(૩) અંગે ન્યાયના વિશાળ હિતમા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## -:: આ ખ રી હુ ક મ ::-

આ કામના આરોપી નં. **(૧) લક્ષ્મણભાઇ મંગળભાઇ માછી(૨) જીગ્નેશભાઇ લક્ષ્મણભાઇ મંગળભાઇ માછી (૩) શારદાબેન તે લક્ષ્મણભાઇ મંગળભાઇ માછી (૪) અરુણકુમાર લક્ષ્મણભાઇ માછી** નાઓને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ : ૨૪૮(૧) અન્વયે ઇ.પી.કો.

કલમ : ૩૨૩,૫૦૪,૫૦૬(૨), ૧૧૪ મુજબના ગુન્હાના તહોમતમાંથી નિર્દોષ આપી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

ક્રી.પ્રો.કોડની કલમ.૪૩૭(એ) અન્વયે દરેક આરોપીએ રુા.૫૦૦૦/- (અંકે રુપીયા પાંચ હજાર) પુરાના સધ્ધર જામીન અપીલ પીરીયડ સુધીના આપવા.

હુકમ આજરોજ તા.૧૭ મી, માહે-માર્ચ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા સહી કરી વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૭/૩/૨૦૨૬ (કીર્તિસિંહ પ્રધાનજી ઠાકોર)
ગોધરા. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, ગોધરા.
(બી.જે.પરમાર) **GJ 01168**